"કદ જાઅકુમ મિનલ્લાહ નુરૂંવ કિતાબુમ્મુબીન-- ખરેખર અલ્લાહના તરફથી તમારા માટે નૂર અને જાહેર કિતાબ આવી છે." (૫-૧૫)

# સાઈઠ સવાલો

## બાળકો માટે સવાલો અને જવાબો

ભાગ ૧


: લેખક :

અલ્લામા નસીરૂદ્દીન નસીર હુન્ઝાઈ

□

: ગુજરાતી ભાષાંતરકાર :

અકબર હબીબ રાજન



: પ્રકાશક :

ખાનાએ હિકમત–ઈદારાએ આરીફ

૩- A, નૂર વીલા, ૨૬૯, ગાર્ડન વેસ્ટ,

કરાચી–૩.

### બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

## ખુદા તઆલા

સવાલ-૧ આ જગતને કોણે પૈદા કર્યું છે ?

જવાબ-૧ અલ્લાહ તઆલાએ પૈદા કર્યું છે.

સવાલ-૨ અલ્લાહને કોણે પૈદા કર્યો છે ?

જવાબ-૨ તેને કોઈએ પૈદા નથી કર્યો, કારણ કે તે હંમેશથી મૌજુદ છે.

સવાલ-૩ ખુદા તઆલા ક્યાં છે ?

જવાબ-૩ તે દરેક જગ્યાએ મૌજુદ છે.

સવાલ-૪ તૌહીદનો અર્થ જણાવો.

જવાબ-૪ ખુદા તઆલાને એક માનવો.

સવાલ-૫ અલ્લાહ તઆલાએ જીન્ન અને ઈન્સાનને કયા કામ માટે પૈદા કર્યા ?

જવાબ-૫ ઈબાદત અને મા'રફત માટે.

સવાલ-૬ ઈબાદત અને મા'રફતથી શો હેતુ છે ?

જવાબ-૬ ઈબાદતનો અર્થ અલ્લાહ તઆલાની પૂજા અને બંદગી છે; અને મા'રફત તેની ઓળખાણને કહે છે.

સવાલ-૭ શું અલ્લાહ તઆલા ઈબાદતનો મોહતાજ છે ?

જવાબ-૭ નહિ, તે કોઈ પણ વસ્તુનો મોહતાજ નથી; બલ્કે ઈબાદતમાં ઈન્સાનની પોતાની ભલાઈ છે.

સવાલ-૮ જે શખ્સ ખુદાની હસ્તીને નથી માનતો તેને શું કહે છે ?

ISW Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

જવાબ-૮ એવા શખ્સને કાફર કહેવામાં આવે છે.

## ફરિશ્તા

સવાલ-૯ ફરિશ્તા કોને કહે છે ?
જવાબ-૯ ફરિશ્તા એક રૂહાની મખ્લૂક (જીવ-પ્રાણી) છે.
સવાલ-૧૦ ફરિશ્તા શું કામ કરે છે ?
જવાબ-૧૦ તેઓ અલ્લાહ તઆલાનાં સઘળાં રૂહાની કામો કરે છે.
સવાલ-૧૧ ફરિશ્તા કેટલા છે ? અને ક્યાં ક્યાં છે ?
જવાબ-૧૧ તેઓ અગણિત છે (બેશુમાર છે). તેમની સંખ્યા અલ્લાહ તઆલા અને તેના ખાસ બંદાઓ સિવાય કોઇ નથી જાણતું. તેઓ આસમાન અને જમીન પર છવાયેલા છે.
સવાલ-૧૨ શું ફરિશ્તા જાહેર પણ થઇ શકે છે ?
જવાબ-૧૨ જી હા ! તેઓ ખુદાના હુકમથી જાહેર પણ થઇ શકે છે.
સવાલ-૧૩ અમુક મોટા ફરિશ્તાઓના નામ જણાવો.
જવાબ-૧૩ જીબ્રાઇલ, મેકાઇલ, અસરાફીલ અને અઝરાઇલ અલૈહિમુસ્સલામ.
સવાલ-૧૪ આ ચાર ફરિશ્તાઓને કયા નામે યાદ કરવામાં આવે છે ?
જવાબ-૧૪ એમને મુકર્રબ (નજીક રહેનાર-પ્રિય) કહેવામાં આવે છે.
સવાલ-૧૫ ચાર મુકર્રબનું ખાસ કામ શું છે ?
જવાબ-૧૫ જીબ્રાઇલ વહી અને ઇલ્હામ (ઇશ્વરી પ્રેરણા)ના કામ માટે નિયુક્ત થયેલા છે, મેકાઇલ રિઝક અને રોજી વહેંચે છે, અસરાફીલ સૂર ફૂંકે છે અને અઝરાઇલ રૂહ કબજે કરે છે.
સવાલ-૧૬ શું ચાર મુકર્રબથી પણ મોટા ફરિશ્તા છે ?

જવાબ-૧૬ જી હા ! અકલે કુલ્લી અને નફસે કુલ્લી તેમનાથી મોટા ફરિશ્તા છે.

## ખુદાની કિતાબ (ખુદાનું પુસ્તક)

સવાલ-૧૭ ઈસ્લામનું મઝહબી પુસ્તક કયું છે ?

જવાબ-૧૭ ઈસ્લામનું પવિત્ર પુસ્તક કુરાને શરીફ છે.

સવાલ-૧૮ કુરાને શરીફ કોનો કલામ છે ? (કોણે કહેલું છે ?)

જવાબ-૧૮ એ અલ્લાહ તઆલાનો પવિત્ર કલામ છે.

સવાલ-૧૯ કુરાન મજીદ કયા પયગમ્બર ઉપર નાઝીલ થયું (ઊતર્યું) ?

જવાબ-૧૯ આ હિકમત-ભરપૂર પુસ્તક હઝરત મહમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહિ વ આલેહિ વસલ્લમ ઉપર ઊતર્યું છે.

સવાલ-૨૦ કુરાને અઝીમને અલ્લાહ તઆલાએ શા માટે મોકલ્યું ?

જવાબ-૨૦ મુસલમાનો બલ્કે સઘળા દુનિયાવાળાઓની હિદાયત (માર્ગદર્શન) માટે.

સવાલ-૨૧ કુરાને કરીમના ખરા શિક્ષક કોણ છે ?

જવાબ-૨૧ રસૂલે અકરમ (સ.અ.વ.) અને ઈમામે બરહક (અ.સ.)

સવાલ-૨૨ શું કુરાનથી પહેલાં કોઈ આસમાની પુસ્તક નાઝીલ થયું હતું ?

જવાબ-૨૨ જી હા ! આથી પહેલાં કેટલાંય આસમાની પુસ્તકો નાઝીલ થઈ ચૂક્યાં હતાં.

સવાલ-૨૩ અમુક પ્રખ્યાત આસમાની પુસ્તકોનાં નામ જણાવો.

જવાબ-૨૩ હ. ઈબ્રાહીમનું સુહુફ, હ. મૂસાનું તૌરેત, હ. દાઉદનું

ઝબૂર, હ. ઈસાનું ઈન્જીલ અને હ. મહમદ રસુલુલ્લાહનું કુરાન.

સવાલ–૨૪ ખુદાનાં જે પુસ્તકો કુરાન મજીદથી પહેલે નાઝીલ થયાં છે તેમના વિષે આપણી માન્યતા (અકીદો) શું હોવો જોઈએ ?

જવાબ–૨૪ માન્યતા એ હોય કે સઘળાં આસમાની પુસ્તકો અલ્લાહના તરફથી છે, જેથી લોકોને હિદાયત (માર્ગદર્શન) મળે, પરંતુ પહેલાનાં પુસ્તકોમાં ફેરફાર કરવામાં આવ્યા માટે કુરાન નાઝીલ થયું; જેથી સઘળા લોકો તેના ફરમાન (હુકકમો) ઉપર અમલ કરે.

## રસૂલ (સ.અ.વ.)

સવાલ–૨૫ રસૂલ કોને કહે છે ?

જવાબ–૨૫ રસૂલ પયગમ્બરને કહે છે, મતલબ કે તે સંપૂર્ણ ઈન્સાન (ઈન્સાને કામીલ) જે અલ્લાહ તઆલાના સંદેશા (પયગામ) લોકો સુધી પહોંચાડી દે છે.

સવાલ–૨૬ દુનિયામાં કુલ કેટલા પયગમ્બર થયા છે ?

જવાબ–૨૬ દુનિયામાં કુલ એક લાખ ચોવીસ હજાર પયગમ્બર આવ્યા છે.

સવાલ–૨૭ આ દુનિયામાં સૌથી પહેલે કયા પયગમ્બર આવ્યા ?

જવાબ–૨૭ હઝરત આદમ અલૈહિસ્સલામ.

સવાલ–૨૮ સૌથી છેલ્લા પયગમ્બર કોણ છે ?

જવાબ–૨૮ હઝરત મહમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહિ વ આલેહિ વસલ્લમ.

સવાલ-૨૯ અમુક પ્રખ્યાત પયગમ્બરોના નામ જણાવો.

જવાબ-૨૯ હઝરત આદમ, હઝરત નૂહ, હઝરત ઈબ્રાહીમ, હઝરત મૂસા, હઝરત ઈસા અને હઝરત મહમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહિ વ આલેહિ વસલ્લમ.

સવાલ-30 શું હઝરત મહમદ મુસ્તફા (સ.અ.વ.) પછી પણ કોઈ નબી છે ?

જવાબ-30 ના, આપ હઝરત (સ.અ.વ.) પછી ન કોઈ નબી છે અને ન કોઈ રસૂલ.

સવાલ-3૧ શું રસૂલને માટે પણ એક રસૂલ આવે છે ?

જવાબ-3૧ જી હા ! શરૂ શરૂમાં દરેક પયગમ્બર માટે હઝરત જીબ્રાઈલ અલ્લાહ તઆલા તરફથી પયગમ્બર બનીને આવે છે.

સવાલ-3૨ શું એક સમયે એકથી વધુ પયગમ્બર થયા છે ?

જવાબ-3૨ જી હા ! જેમ કે હઝરત ઈબ્રાહીમ (અ.સ.) અને હઝરત લૂત (અ.સ.) એક જ સમયે હતા.

## ઈમામ

સવાલ-33 આપ હઝરત (સ.અ.વ.)ના ચાલ્યા જવા (રહેલત) પછી લોકોના માર્ગદર્શનનો રસ્તો (ઝરીયો) કયો છે ?

જવાબ-33 કુરાને પાક અને ઈમામે બરહક અલૈહિસ્સલામ.

સવાલ-3૪ શું ઈમામ દુનિયામાં હંમેશા હાજર અને મૌજુદ હોય છે ?

જવાબ-3૪ જી હા ! ઈમામ સઘળા ઝમાનામાં હાજર અને મૌજુદ હોય છે, પણ આપ હઝરત (સ.અ.વ.) પહેલાં ઈમામનું કામ ખાનગી

હતું.

સવાલ-૩૫ જો એમ છે તો જણાવો કે હઝરત આદમના ઝમાનામાં ઈમામ કોણ હતો ? અને હઝરત નૂહના સમયમાં કોણ હતો ?

જવાબ-૩૫ હઝરત આદમ (અ.સ.)ના ઝમાનામાં મૌલાના શીશ (અ.સ.) ઈમામ હતા અને હઝરત નૂહ (અ.સ.)ના સમયમાં મૌલાના સામ (અ.સ.).

સવાલ-૩૬ શું ઈમામ અલ્લાહ તઆલા અને રસૂલ તરફથી નિયુક્ત થયેલ હોય છે કે પછી લોકો તરફથી ?

જવાબ-૩૬ ઈમામ હંમેશા ખુદા અને રસૂલ તરફથી નિયુક્ત થયેલ હોય છે.

સવાલ-૩૭ શું ઈમામ અલૈહિસ્સલામ ઉપર પણ કોઈ આસમાની પુસ્તક નાઝીલ થાય છે ?

જવાબ-૩૭ ઈમામતના સમય દરમ્યાન આ કામ બિનજરૂરી છે.

સવાલ-૩૮ શું ઈમામ અલૈહિસ્સલામ જગતભરના લોકોને માર્ગદર્શન (હિદાયત) દેવા માટે જવાબદાર છે ?

જવાબ-૩૮ નહિ, તે તો જાહેરમાં ફક્ત તે લોકોને હિદાયત દેવાને જવાબદાર છે જેમણે તેની ઈમામતને કબૂલ કરી છે. બાકી લોકો માટે તે (અલ્લાહની) દલીલ છે કે તેમણે તેની ઈમામત કબૂલ નથી કરી.

સવાલ-૩૯ શું ઈમામે ઝમાનની ફરમાનબરદારી જરૂરી છે ? (વાજીબ છે ?)

જવાબ-૩૯ જી હા ! ઈમામે ઝમાનની ફરમાનબરદારી જરૂરી અને ફરજ છે, કેમ કે કુરાને હકીમનું ફરમાન છે કે "અય

ઈમનાવાળાઓ ! અલ્લાહ તઆલાની ફરમાનબરદારી કરો અને રસૂલ (સ.અ.વ.)ની ફરમાનબરદારી કરો અને હુકમવાળાઓ  હુકમના માલિક)ની ફરમાનબરદારી કરો જે તમારામાંથી છે." અને એ હુકમના માલિક જુદા જુદા વખતના ઈમામ છે.

સવાલ–૪૦ તમારો હાઝર ઈમામ કોણ છે ?

જવાબ–૪૦ અમારો હાઝર ઈમામ હઝરત મૌલાના શાહ કરીમ અલ હુસેની સલવાતુલ્લાહ અલૈહિ છે.

## પરચુરણ

સવાલ–૪૧ તાવ્વુઝ કઈ વસ્તુનું નામ છે ?

જવાબ–૪૧ 'અઉઝુબિલ્લાહિ મિનશ્શયતાનીર રજીમ'ને તાવ્વુઝ કહે છે.

સવાલ–૪૨ તસ્મીયા પડો.

જવાબ–૪૨ બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ.

સવાલ–૪૩ કલ્માએ તૈયબા કયો (કલ્મો) છે ?

જવાબ–૪૩ લા ઈલાહા ઈલ્લલ્લાહુ મુહમ્મદુર રસૂલુલ્લાહ.

સવાલ–૪૪ તમારા દીનનું શું નામ છે ?

જવાબ–૪૪ મારા દીનનું નામ ઈસ્લામ છે.

સવાલ–૪૫ તમારા મઝહબનું શું નામ છે ?

જવાબ–૪૫ મારા મઝહબનું નામ ઈસ્માઈલી છે.

સવાલ–૪૬ દીને ઈસ્લામના સંબંધે તમને શું કહેવામાં આવે છે ? (તમારું શું નામ છે ?)

IOW IS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

જવાબ-૪૬ દીને ઈસ્લામના સંબંધે મને મુસલમાન કહે છે (મારું નામ મુસલમાન છે).

સવાલ-૪૭ ઈસ્માઈલીયત થકી તમારું શું નામ છે ?

જવાબ-૪૭ આના થકી મારું નામ ઈસ્માઈલી છે.

સવાલ-૪૮ પંજતન પાકનાં નામ બતાવો.

જવાબ-૪૮ હઝરત મહમદ મુસ્તુફા, હઝરત અલી મુર્તઝા, હઝરત ફાતમતુઝ ઝોહરા, હઝરત હસન અને હઝરત હુસેન અલૈહિમુસ્સલામ.

સવાલ-૪૯ લાફતા પઢી સંભળાવો.

જવાબ-૪૯ "લા ફતા ઈલ્લા અલી લા સૈફ ઈલ્લા ઝુલ્ફિકાર"--અલી સમાન કોઈ આદર્શ પુરુષ નથી અને ઝુલ્ફિકાર સમાન કોઈ તલવાર નથી.

સવાલ-૫૦ મુસલમાનની હેસીયતથી આપણે સલામ કેવી રીતે કરીએ છીએ ?

જવાબ-૫૦ અસ્સલામો અલયકુમ.

સવાલ-૫૧ આ સલામનો જવાબ શું મળશે ?

જવાબ-૫૧ વ અલૈકુમસ્સલામ અથવા વ અલૈકુમસ્સલામ વ રહમતુલ્લાહિ વ બરકાતહુ.

સવાલ-૫૨ ઈસ્માઈલીની હેસીયતથી સલામ કેમ કરાવાય ?

જવાબ-૫૨ યા અલી મદદ કહેવામાં આવશે.

સવાલ-૫૩ યા અલી મદદનો જવાબ શું હોવો જોઈએ ?

જવાબ-૫૩ આનો જવાબ "મૌલા અલી મદદ" છે.

સવાલ-૫૪ શું ઈમામે ઝમાનના ફરમાનમાં કુરાને હકીમની હિકમત છુપાયેલી છે ?

જવાબ–૫૪ જી હા ! ઈમામે ઝમાનનું દરેક ફરમાન કુરાનની હિકમતથી ભરેલું છે.

સવાલ–૫૫ કલમાએ શહાદત પઢી સંભળાવો.

જવાબ–૫૫ "અશ્હદુ અન્ન લાઈલાહા ઈલ્લલ્લાહુ વહદહુ લા શરીક લહુ વ અશહદુ અન્ન મુહમ્મદન અબ્દહુ વ રસૂલહુ."

સવાલ–૫૬ શું ઈમામે ઝમાનને નૂર કહેવું વ્યાજબી છે ?

જવાબ–૫૬ જી હા ! ઈમામે ઝમાન ખુદાની હિદાયતનું નૂર છે.

સવાલ–૫૭ ખુદા તઆલા ઈન્સાનોનું માર્ગદર્શન કેવી રીતે કરે છે ?

જવાબ–૫૭ પયગમ્બરો અને ઈમામો મારફત.

સવાલ–૫૮ કુરાને પાક કઈ ભાષામાં છે ?

જવાબ–૫૮ કુરાન મજીદ અરબી ભાષામાં છે.

સવાલ–૫૯ કુરાનની હકીકત કોણ શીખવી શકે છે ?

જવાબ–૫૯ ઈમામે ઝમાન (અ.સ.) શીખવી શકે છે.

સવાલ–૬૦ આપણે ઈમામે ઝમાનથી કુરાનની હકીકત કેવી રીતે મેળવી શકીએ છીએ ?

જવાબ–૬૦ ઈમામે ઝમાનની હકીકી ફરમાનબરદારી મારફત.

**સમાપ્ત**

રવિવાર, ૧૦ શાબાનુલ મોઅઝઝમ–૧૪૦૯
૧૯ માર્ચ, ૧૯૮૯
ગુજરાતી તરજુમો : શનિવાર, ૨૪ જુન, ૧૯૮૯

કોમ્પ્યુટર કમ્પોઝ : નજફી કોમ્પ્યુટર કમ્પોઝીગ ફોન નં.૭૧૭૦૧૭–૭૧૫૩૫૦

Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity